ગુનાખોરીને નાથવા માટે ઔદ્યોગિક વિસ્તારના શ્રમિકોનો ડેટા એક પોર્ટલ પર લવાશે

# ગુનેગારોના પગ ધ્રૂજે તેવી કડક કાર્યવાહી કરો: હર્ષ સંઘવી

**સામાન્ય** નાગરિકને નહીં પરંતુ ગુનેગારોને પોલીસનો ડર હોવો જોઈએ



ગાંધીનગર: રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે કડક વલણ અપનાવતા ડે સીએમ હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુનેગારો સામે એવી કડક હાથે કાર્યવાહી કરે કે તેમના પગ ધ્રુજી જાય. ગુનેગારોના પગ ધ્રુજે અને ચાલ બદલાઈ જાય એમાં કંઈ ખોટુ નથી. સામાન્ય નાગરિકને ડર નહીં પણ ગુનેગારને ડર રહેવું જોઈએ. ગુનેગારો સામે હજુ મજબુતાઈથી અને કડકાઈથી કામ કરવું પડશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદ ગ્રામ પોલીસ હેડક્વાર્ટર ખાતે ખાખી ભવન સહિતનાં અમદાવાદ ગ્રામ્ય પોલીસના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીના હસ્તે એડીઆર-શિલ્ડ, બ્લૂ સર્કિટ પ્રોજેક્ટ, અભયયાત્રી પ્રોજેક્ટ, અસલાલી વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ તથા વિરમગામ પોલીસ લાઈનનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી સંઘવીએ એડીઆર-શિલ્ડ પ્રોજેક્ટની પ્રશંસા કરતાં સંઘવીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક વિસ્તારમાં સમગ્ર દેશમાંથી આવનાર શ્રમિકનો ડેટા એક પોર્ટલ પર આવશે, જેથી રોજગારીની આડમાં અહીં રહેતા ગુનેગારોને ઓળખી શકાશે. અભયયાત્રી જેવા પ્રોજેક્ટથી લોકોનો પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધશે, એવું તેમણે ઉમેર્યું હતું. પોલીસ કર્મીઓના ડેટા માટે એચઆરએમએસની પહેલને તેમણે બિરદાવી હતી. આ પ્રસંગે હર્ષ સંઘવીએ જાહેરાત કરી હતી કે પોલીસની ભરતી આવી રહી છે ત્યારે એ માટે તૈયારીઓ કરનારા યુવાનો માટે સમગ્ર રાજ્યના પોલીસ ગ્રાઉન્ડ ખુલ્લા મુકાશે. પોલીસની સાથે એસઆરપી વગેરેના ગ્રાઉન્ડ પર પણ યુવાનો તૈયારી કરી શકશે. આ યુવાનો માટે કોચ તેમજ ફિઝિયોથેરાપિસ્ટની વ્યવસ્થા કરવામાં આવે, એવી તૈયારી પણ રાજ્ય સરકાર કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### પોલીસે સાયબર ક્રાઈમમાં વપરાતા મ્યુલ એકાઉન્ટ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે: હર્ષ સંઘવી

સંઘવીએ સાયબર ક્રાઇમ અંગે ગુજરાત પોલીસની કામગીરીની વાત કરતાં જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલાં જ એક જ દિવસમાં આપણે સાઇબર ગઠિયાઓ પાસેથી રૂ. 33 કરોડ પાછા મેળવી શક્યા છીએ. આ મહિનામાં પાંચ દિવસો એવા ગયા, જેમાં 3000થી વધુ લોકોએ હેલ્પલાઇન 1930 પર કોલ કરતાં તેમને સાઇબર ગઠિયાઓથી બચાવ લેવાયા છે, એવું તેમણે ઉમેર્યું હતું. સાઇબર ક્રાઇમના અપરાધીઓ જે બેન્ક એકાઉન્ટ્સનો ઉપયોગ કરે છે, એવા મ્યુલ એકાઉન્ટ પર ગુજરાત પોલીસે ઐતિહાસિક સર્જિકલ સ્ટ્રાઇક કરી છે, એવું જણાવીને સંઘવીએ ઉમેર્યું હતું કે ગત આઠ ડિસેમ્બરે નક્કી થયું અને મ્યૂલ - શંકાસ્પદ એકાઉન્ટ ઓળખી કાઢવા માટે પોલીસે હલ્લાબોલ કરવાનું નક્કી કરાયંન અને માત્ર 9 દિવસમાં 508 ગુનાઓ દાખલ કરીને 423 અરોપીઓને પકડી લેવામાં આવ્યા છે.સંઘવીએ સામાન્ય લોકો પોલીસ અધિકારીઓને મળી શકે એ માટે મુલાકાતના અમુક દિવસો અને અમુક કલાકો નિર્ધારિત કરવાનું સૂચવ્યું હતું. પોલીસથી ગુનેગારોના પગ જરૂર ધ્રુજવા જોઈએ, તેમની ચાલ બદલાઈ જવી જોઈ, પરંતુ સામાન્ય લોકો સાથે પ્રેમપૂર્વક વર્તન કરવું જોઈએ, જેથી લોકોનો પોલીસ પરનો વિશ્વાસ વધી શકે, એવું તેમણે ઉમેર્યું હતું.

# થર્ટી ફર્સ્ટ: સંઘપ્રદેશની બોર્ડર ઉપર પોલીસનો સખ્ત પહેરો

**દર** વર્ષે ન્યૂ યરની ઉજવણી માટે સંઘપ્રદેશ દમણ-સેલવાસની હોટલોમાં સુરતીઓની ભીડ જામે છે

**કેટલાક** રાત્રે પરત જવા નીકળે ત્યારે પાતલિયા-દાભેલ ચેકપોસ્ટ પર ગુજરાત પોલીસ સ્વાગતમાં ઊભી હોય છે

વાપી: થર્ટી ફર્સ્ટની ઉજવણી કોઈ નવી વાત નથી. સંઘપ્રદેશનું દમણ તેના માટે ખૂબ જાણીતું છે. અહીં દેવકા બીચની હોટલો તેના માટે જાણીતી છે. માત્ર અહીં દારૂની બંદી નથી એટલે લોકો આવે છે એવું નથી. થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે પહેલાંથી જ દીવ-દમણ અને ગોવા જાણીતા છે. હવે ગોવા અલગ સ્ટેટ બન્યું ત્યારબાદ દમણ-દીવ તો દરિયાકિનારાને લઈને જાણીતા છે. અહીં સુરતથી જેટલા લોકો થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં હોટલોમાં આવે છે, તેટલા જ લોકો મુંબઈથી પણ આવે છે. પરંતુ સૌથી વધુ થર્ટી ફર્સ્ટની ઉજવણી બાદ ગુજરાત પોલીસના જે મહેમાન બને છે, તેમાં સુરતીઓની સંખ્યા સૌથી વધુ હોય છે.

દાદરા નગર હવેલીમાં પણ છેલ્લા થોડા વર્ષોમાં હોટલની સારી સુવિધાઓને લઈને થર્ટી ફર્સ્ટની ઉજવણીઓમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે. સેલવાસ-ખાનવેલમાં રિસોર્ટને કારણે અહીં ન્યૂ યર પાર્ટીઓ પણ હવે થવા લાગી છે. સુરત-મુંબઈથી ઉજવણી માટે વધુ સહેલાણીઓ આવે છે. આ વર્ષે પણ હોટલના સંચાલકો તો ઉત્સાહિત છે. પરંતુ આ વખતે પણ દારૂ પીને થર્ટી ફર્સ્ટની રાત્રે ગુજરાતની બોર્ડર પર નીકળશો તો ગુજરાત પોલીસ સ્વાગત માટે તૈયાર જ રહેશે.

દર વર્ષે વાપી ટાઉન પોલીસમથક તેમજ ડુંગરા પોલીસમથક ઉપર દારૂ પીને ઝડપાયેલાઓ માટે મંડપ પાડવામાં આવે છે. દારૂવાળા માટે મંડપ પડાતા હોય તેવું ગુજરાતમાં વાપીમાં જ બને છે. સૌથી વધુ જો કોઈ દારૂ પીને થર્ટી ફર્સ્ટની રાત્રે ઝડપાતા હોય તો પાતલિયાથી ગુજરાતમાં પ્રવેશ વખતે પારડી પોલીસની હદમાં ઝડપાય છે. દારૂ પીને ગુજરાતમાં આવનારાને પકડવામાં દર વર્ષે રેકોર્ડ બ્રેક થાય છે. આ વખતે પોલીસ કેવું સ્વાગત કરે છે તે જોવું રહ્યું?

# અમદાવાદની શાળાઓમાં ધમકીનો ઈ-મેલ વિદેશી સર્વરથી મોકલ્યો હતો

**અમદાવાદ** ક્રાઈમ બ્રાન્ચે સાયબર માફિયા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી



અમદાવાદ: અમદાવાદ શહેરમાં ગઈકાલ તારીખ 17 ડિસેમ્બરના રોજ વહેલી સવારે જુદી જુદી શાળાઓ અને સરકારી સંસ્થાઓમાં ધમકીભર્યો ઈ-મેલ મોકલવામાં આવ્યો હતો. જેમાં બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ઈમેલ અંગેની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથ ધરતા આ ધમકી ભર્યો ઈમેલ મુનરો ક્લીકેલ મુનરોક્લીકે800 એટદરેટ હોટમેઈલ ડોટકોમ તથા મેઝી લોબ્મચર તેમજ સંતોષજી સંતોષજીના નામે વિદેશી સર્વરથી મોકલવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ સાયબર માફિયો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર પી.એ. હિરપરાએ ધમકીભર્યા ઈ-મેલ અંગે સાયબર માફિયાઓ સામે ગુનો દાખલ કરાવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ત્રણ જુદા જુદા ઇમેલ એડ્રેસ પરથી આ ધમકી મેલ કરવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. તપાસ દરમિયાન મુનરો ક્લીકેલ, મેઝી લોબ્મચર અને સંતોષ જી સંતોષજી વગેરે નામની ખોટી ઓળખ ઉભી કરી અલગ અલગ અજાણ્યા ઈ-મેલ આઇડી થી શહેરની જુદી જુદી સ્કૂલોના ઇ-મેલ આઇડી ઉપર બોમ્બ બ્લાસ્ટ એટ ધ રેટ 1.11 PMના વિષય હેઠળ અમદાવાદ ધમાકા બ્લાસ્ટ સ્કુલ ટુ સાબરમતી જેલ વગેરે જેવા લખાણ લખી પૂર્વ આયોજિત કાવતરું રચી, લોકોમાં ભય અને ગભરાટ પેદા કરવાના ઇરાદા થી બોમ્બ બ્લાસ્ટની ધમકી આપતા ઇ-મેલ કર્યા હોવાનો બહાર આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ છે ઇ-મેલ આઇડીના આધારે તેમજ જે સર્વરમાંથી ઈ-મેલ આવ્યો છે, તે વિદેશી સર્વરની ઝીણવટ ભરી તપાસ હાથ ધરી છે.

# SIR: ચૂંટણી પંચ દ્વારા આજે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થશે

**ડ્રાફ્ટ** યાદીમાં જેનાં નામો નહીં હોય તેઓ તા.18મી જાન્યુ. સુધી પુરાવા સાથે નામ ઉમેરવા દાવાઓ કરી શકશે

ગાંધીનગર: ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (ખાસ સઘન સુધારણા) ઝુંબેશના રાજ્યભરમાં ગણતરીના તબક્કાની 100 % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે તા.19-12-2025ના રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. ગાંધીનગરમાં રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મિટિંગ યોજાશે. જ્યારે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મિટિંગ કરીને મુસદ્દા મતદારયાદીની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી સુપ્રત કરશે.

ચૂંટણી પંચની સુચના મુજબ બુથ લેવલ એજન્ટો સાથે બુથ લેવલ ઓફિસર્સની તમામ મતદાન મથકોએ મિટિંગ પૂર્ણ કરવામાં આવેલી છે, તથા તેઓને ASD (ગેરહાજર, સ્થાંળતરિત, મૃત) મતદારોની યાદી પણ આપવામાં આવીછે. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા બાદ, તા.19-12-2025 થી તા.18-01-2026 સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે. જો મતદારનું નામ મુસદ્દા મતદાર યાદીમાં ન હોય તો મતદારયાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે સોગંદનામું રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઈન/ઓફ લાઈન અરજી કરી શકાશે. જો મુસદ્દા મતદારયાદીમાં દર્શાવેલી વિગતોમાં કોઈ ભૂલ હોય તો ફોર્મ નં.8 ભરીને જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઈન/ઓફ લાઈન અરજી કરી શકાય છે. મુસદ્દા મતદારયાદીમાં કોઈ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે.

# રાજ્યમાં ઠંડી ઘટી, તાપમાન વધ્યું, અમરેલીમાં 12.6 ડિગ્રી ઠંડી



**આગામી** 72 કલાકમાં ઠંડી વધુ ઘટશે અને તાપમાન 2થી 3 ડિગ્રી વધવાની આગાહી

ગાંધીનગર: રાજયમાં આગામી ત્રણેક દિવસ માટે ઠંડી ઘટશે અને તાપમાન વધશે, જયારે આજે શુક્રવારે રાજયમાં અમરેલીમાં 12.6 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. રાજયના વિવિધ શહેરોમાં ગરમીનો પારો 30થી 34 ડિગ્રી સુધી પહોચ્યો હતો. રાજયમાં આજે શુક્રવારે ઠંડીનો ચમકારો ઘટ્યો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં ઉંચુ તાપમાન નોંધાવવા પામ્યું છે. અમરેલીમાં ઠંડીની અસર વર્તાઈ રહી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આગામી 72 કલાક દરમ્યાન 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી ઘટશે અને તાપમાન વધવાનું છે. રાજયના વિવિધ શહેરોમાં ગરમીનો પારો સરેરાશ 30 થી 34 ડિ.સે..ની આસપાસ રહયો હતો. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 15 ડિ.સે.,નલિયામાં 14 ડિ.સે.,કંડલા પોર્ટ પર 17 ડિ.સે.,કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે., અમરેલી 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે.,રાજકોટમાં 17 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 15 ડિ.સે.,મહુવામાં 15 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે.,ડીસામાં 13 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે.,વડોદરામાં 13 ડિ.સે.,અને સુરતમાં 19 ડિ.સે.,અને દમણમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# સરકારની આંટીઘૂંટીમાં ગુજરાતના ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા: કોંગ્રેસ

**કમોસમી** વરસાદથી થયેલા નુકસાનની વિગતો કેન્દ્ર સરકારે સંસદમાં શૂન્ય બતાવી છે, જેથી કેન્દ્રીય સ્તરે વધારાની સહાય મળી શકે તેવી તક પણ ગુમાવી દીધી

અમદાવાદ: રાજ્યમાં ૧-૪-૨૦૨૫ થી ૩-૧૨-૨૦૨૫ સુધીના કમોસમી વરસાદથી થયેલા નુકસાનની વિગતો કેન્દ્ર સરકારે સંસદમાં શૂન્ય બતાવી છે, જેથી કેન્દ્રીય સ્તરે વધારાની સહાય મળી શકે તેવી તક પણ ગુમાવી દીધી છે. એનો અર્થ ગુજરાતની ભાજપ સરકારે ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલા ભારે નુકસાનની વિગતો કેન્દ્ર સરકારને જણાવી નથી કે શું ? સંસદમાં રજુ થયેલા તથા વાસ્તવિક આંકડાઓનાથી ભાજપ સરકારની ખેડૂત, ખેતી અને ગામડા વિરોધી નીતિઓ વધુ એક વખત ખુલ્લી પડી ગઈ છે.

પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. દિવાળીના બીજા દિવસે ગુજરાતી નવા વર્ષની શરૂઆત થાય છે અને તે જ સમયે ખેડૂતો ચોમાસુ પાકની કાપણી શરૂ કરે છે, પરંતુ આ વર્ષે સતત વરસાદને કારણે તૈયાર પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. પાક તૈયાર થાય ત્યાં સુધી ખેડૂતોએ મોટા ખર્ચા કર્યા હોય છે, અને કુદરતી આફતથી તેઓ બરબાદ થઈ ગયા છે.

## સુડોકુ ૬૪૦૦ - 'કૃષ્ટિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૯ | ૮ | | | | | |
| ૩ | | ૨ | | ૫ | ૬ | ૮ | ૯ | |
| | | ૮ | ૩ | ૯ | ૪ | | ૬ | ૨ |
| ૨ | | | | ૬ | | ૧ | ૮ | |
| | ૯ | ૬ | | ૧ | | ૭ | | ૩ |
| ૫ | | | ૪ | ૮ | ૩ | | ૨ | ૬ |
| ૪ | ૬ | ૩ | ૯ | | ૧ | ૨ | | ૮ |
| ૧ | ૨ | | ૬ | ૪ | ૮ | ૩ | | ૯ |
| ૯ | | | | | | ૬ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આંખની તકલીફ

કુમારપાઠુ લઇ અગ્નિ પર શેકવું. એની જેલી કાઢી પગના તળિયે લગાડતાં આંખોમાં ઠંડક પહોંચતી હોવાનો ઉલ્લેખ, ઉત્તર ભારતીય લોકસાહિત્ય મા જોવા મળે છે.

## શબ્દગુંફન - ૭૧૨૪

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. ''કંઠે.... પડ્યો હશે જળ વિના'' (૨)
૩. સામાવાળિયો, વિરોધી (૩)
૫. કલ્યાણ, લાભ, ફાયદો (૨)
૬. સ્થિતિ, અવસ્થા (૩)
૭. વગરનું (૩)
૯. તાજી તાડી (૨)
૧૦. મૂર્તિ, છબી (૩)
૧૧. દરજીનુ એક ઓજાર (૩)
૧૨. આકાશ, આભ (૨)
૧૩. શહેર, પુર (૩)
૧૫. એક જળચર પ્રાણી (૩)
૧૮. એક રાશિ (૩)
૨૦. કારીગરી, યુક્તિ, જાદુ (૪)
૨૨. દુ:ખ, પીડા (૨)
૨૩. ખૂબ હોવુ તે (૪)
૨૫. ''..... ઔર શ્યામ'' (૨)
૨૬. મનન કરવા જેવું (૪)
૨૯. નજર આગળથી ન ખસે એટલા પૂરતી કેદ (૫)
૩૨. ધૂન, મસ્તી (૨)
૩૩. નવીન, નવલું (૪)

**ઊભી ચાવી**

૨. આશરો (૩)
૩. નિસ્તેજ (૪)
૪. આદેશ, હુકમ (૪)
૫. હિતાવહ (૫)
૮. બ્રહ્માના એક માનસ પુત્ર (૩)
૯. નીલ રંગનું રત્ન (૩)
૧૨. પરુષ (૨)
૧૪. આનંદ, વિનોદ (૩)
૧૬. રસોડા કે ભંડારનો ઓરડો (૩)
૧૭. ભાષા (૨)
૧૯. મોટી સંખ્યામાં નાણું (૩)
૨૦. હાથ (૨)
૨૧. ચિંતન (૩)
૨૩. રહેઠાણ, મકાન (૩)
૨૪. માહિતગાર, જાણકાર (૩)
૨૫. રાજા, અભિપ્રાય (૨)
૨૬. કેફ, ખુમારી (૨)
૨૭. અવાજ વગરનું, શાંત (૩)
૨૮. પૈસો, દોલત (૨)
૩૦. દુનિયા, વિશ્વ (૨)
૩૧. જીતેન્દ્રની એક ફિલ્મ (૨)
૩૨. તંતુ, દોર (૨)



## આજનું પંચાંગ

**તા. 19/12/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** માગસર
**તિથિ:** વદ : અમાવસ : વૃદ્ધિતિથિ છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** માગસર : 28
**યોગ :** શૂલ **કરણ :** ચતુષ્પદ
**નક્ષત્ર :** જયેષ્ઠા 22:52 સુધી જન્મેલાની જયેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી.
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) : 22-52 પછી ધન (ભ, ધ,ફ,ઢ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:12 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:00
**નવકારસી :** 09:00
**પારસી વર્ષ :** 1345, અમરદાદ માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, જમાદીઉલઆખર માસનો 28મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** બપોરે:- 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** યાદગાર પ્રવાસ રહેશે. મનપસંદ મુલાકાત અને ભોજનનો આનંદ મળે. કામકાજ હકારાત્મક રહે. ઘરમાં તાલમેળ રહે.
**વૃષભ (બ,વ,ઉ,):** ચોર-લુટારુથી સાવધાન રહેવું. કામનો બોજ રહેશે. હરીફોથી સાવધાન રહેવું.
**મિથુન (ક,છ,ઘ,):** નવા મિત્રોથી સાવધાન, ઉત્સાહજનક સમાચાર મળે. પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં સફળતા મળે. આવક વધે.
**કર્ક (ડ,હ,):** ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. કોઇ મહત્ત્વનું કામ પાર પડે. નવા ફેરફારની અનુકૂળતા વધશે.
**સિંહ (મ,ટ,):** પ્રવાસમાં સાવધાન રહેવું. કોઇની વાતોમાં આવવું નહી. મનોરંજન કાર્યક્રમમાં ભાગ લેવાનું બનશે.
**કન્યા (પ,ઠ,ણ,):** પારિવારિક ધંધામાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. ઉઘરાણી આવી શકે છે. મન શાંત રાખવું.
**તુલા (ર,ત,):** સમાજ અને જાહેર જીવનમાં સાવધાની રાખવી. અચાનક કોઇની મુલાકાતથી લાભ થાય.
**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યની ચિંતા અને ખર્ચ વધશે. ગુસભય સતાવે. સંતાનોની ચિંતા રહે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** યોજના પ્રમાણે પ્રગતિમાં મિત્રોનો સાથ મળે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આવક વધે.
**મકર (ખ,જ,):** ધંધા માટે નવી યોજનામાં વડીલોનો સાથ મળે. સ્ત્રીવર્ગથી સાવધાન રહેવું. આવક વધશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** તીર્થયાત્રા યાદગાર રહે. મિત્રો-સ્નેહીઓને મળવાનું બને. શુભ સમાચારથી ઉત્સાહ વધે.
**મીન (દ,ચ,ઝ,થ,):** જૂના ધંધો પરેશાન કરશે. ઉઘરાણીની ચિંતા સતાવે. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય.

### કોઈ પણ સાલમાં 19 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવી તક, ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ સરળ બને. સમાજમાં પ્રતિષ્ઠા વધે. પરિવાર કુટુંબને મદદરૂપ બનશો. નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધે. નવા ધંધામાં અનુકુળતા રહે. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળતી રહે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. સંતાનોનો અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય. સરકારી કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. વડીલોની મદદ સામાજિક કામમાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઇ ઓગસ્ટમાં આર્થિક લાભ થાય. નવેમ્બર-ડિસેમ્બરમાં સામાજિક સમસ્યા સતાવે.

હનીટ્રેપ સહિતના ગુનામાં કલમો ઘટાડવા

# કીમ પીઆઈએ વચેટિયા વકીલની મદદથી રૂ.૩ લાખની લાંચ માંગી

**એસીબીએ** કીમ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ ટ્રેપ ગોઠવી, લાંચ લેતા પકડાયા

**એસીબીએ** લાંચની રકમ રિકવર કરી બંને સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી

કીમ: હનીટ્રેપ સહિતના ગુનામાં કલમ ઘટાડવા અને ઝડપથી જામીન માટે 3 લાખની લાંચની માંગણી કરનાર કિમ પોલીસના પીઆઈ અને વચેટિયા બનેલા વકીલને એસીબી દ્વારા લાંચ લેતા રંગેહાથે પકડી લેવામાં આવ્યા હતા. કીમ પોલીસ સ્ટેશન ખાતે કીમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પ્રવીણસિંહ હરનાથસિંહ જાડેજા અને વકીલ ચિરાગભાઈ રમણીકભાઈ ગોંડલિયાને રૂ.૩ લાખની લાંચ લેતા એસીબીએ રંગેહાથ ઝડપી લીધા હતા.

એ.સી.બી.ને એક જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ કીમ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ફરિયાદ મુજબ ફરિયાદીના ભાઈ સામે કીમ પોલીસ સ્ટેશનમાં હનીટ્રેપ, ખોટી પોલીસની ઓળખ અને બળજબરીથી પૈસા કઢાવી લેવાના ગુનાનો કેસ દાખલ હતો. આ કેસમાં ગુનાની કલમો ન ઉમેરવા, કલમો ઘટાડવા તથા ઝડપથી જામીન મળવા માટે આરોપી વકીલ ચિરાગ રમણિકભાઈ ગોંડલીયા મારફતે કિમ પોલીસ સ્ટેશનના પીઆઈ પ્રવિણસિંહ હરનાથસિંહ જાડેજાએ રૂ.૧૦ લાખની લાંચની માંગણી કરી હતી. બાદ રકઝકના અંતે રૂ.૩ લાખમાં સોદો નક્કી કરવામાં આવ્યો હતો. જેને પગલે ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. ટ્રેપ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટરના કહેવાથી વકીલે ફરિયાદી પાસેથી રૂ.૩,૦૦,૦૦૦ની લાંચ સ્વીકારી હતી. લાંચની સંપૂર્ણ રકમ એ.સી.બી. દ્વારા રિકવર કરવામાં આવી છે. બંને આરોપીએ એકબીજાની મદદગારીથી લાંચ લેવાનો ગુનો કર્યો હોવાનું એ.સી.બી.ની તપાસમાં સામે આવ્યું છે. હાલ બંને આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત સેમીકન્ડક્ટર, સોલાર હબ બનશે

**હર્ષ** સંઘવીએ સાણંદમાં સેમીકન્ડક્ટરની વૈશ્વિક કંપનીઓની મુલાકાત લીધી

ગાંધીનગર: રાજ્યના ડે સીએમ હર્ષ સંઘવીએ આજે અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા પંથકની મુલાકાત લઈ રાજ્યની ઔદ્યોગિક પ્રગતિની સમીક્ષા કરી હતી.હર્ષ સંઘવીએ દિવસની શરૂઆતમાં સાણંદ-૨ GIDC ખાતે કાર્યરત સેમીકન્ડક્ટર ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ Micron Technology, Kaynes Semicon Private Limited અને CG SEMI Private Limited ના એકમોની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે ટેકનોલોજીના ક્ષેત્રે ગુજરાતની વધતી જતી મજબૂત પક્કડ અને ભાવિ આયોજનો અંગે ઉદ્યોગ સાહસિકો સાથે ચર્ચા કરી હતી.ત્યારબાદ નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીએ બાવળા તાલુકાના ભાયલા ગામ પાસે સ્થિત ક્રિસ્ટલ લોજિસ્ટિક્સ પાર્કમાં INOX Wind ના WTG મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ અને INOX Solarના PV મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું.નાયબ મુખ્યમંત્રીએ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યા બાદ પ્લાન્ટની કાર્યપ્રણાલીનું પણ નિરીક્ષણ કર્યું હતું.આ પ્રસંગે આયોજિત સભાને સંબોધતા મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઈ એક કંપનીના શરૂ થવાથી આસપાસના અનેક પરિવારોના જીવનમાં કેવું મોટું પરિવર્તન આવે છે, તેનું જીવંત ઉદાહરણ આજે અહીં જોઈ શકાય છે. INOXના આ સોલાર મેન્યુફેક્ચરિંગ યુનિટના માધ્યમથી હજારો સ્થાનિક લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની તકો ઉપલબ્ધ થશે. આ નવા ઉદ્યોગના આગમનથી માત્ર નોકરીઓ જ નહીં, પરંતુ આસપાસના નાના-મોટા અનેક વ્યાપાર પણ ધમધમતા થશે, જે સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ આપશે. ડે સીએમ સંઘવીએ કહ્યું હતું કે, જ્યારે કોઈ પણ રોકાણકાર પોતાની મૂડી રોકવાનું વિચારે છે ત્યારે તે મુખ્ય બે બાબતો પર ધ્યાન આપે છે: પહેલી તેની મૂડીની સુરક્ષા અને બીજી તે રોકાણ પર મળતું વળતર. ગુજરાત એવું રાજ્ય છે જે રોકાણકારોને આ બંને બાબતની ખાતરી આપે છે. અહીં રોકાયેલા રૂપિયા રોકાણકારોની આવનારી પેઢીને વ્યાજ સહિત શ્રેષ્ઠ વળતર સાથે પરત મળે છે. ગુજરાતની શ્રેષ્ઠ પોલિસી ડ્રિવન કાર્યશૈલીને કારણે જ આજે રાજ્ય સોલાર સેલ, સોલાર ગ્લાસ અને સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગમાં સમગ્ર દેશનું સૌથી મોટું હબ બની ગયું છે. ગુજરાતમાં રેલવે કનેક્ટિવિટી, રોડ કનેક્ટિવિટી, પોર્ટ અને ધોલેરા સર જેવા પ્રકલ્પો જે રીતે તૈયાર કરવામાં આવ્યા છે, તેનો મહત્તમ લાભ અહીંના ઉદ્યોગોને મળવાનો છે.